# Visit of Prof. Dr. Mohammad Mahfud M.D., Coordinating Minister for Political, Legal and Security Affairs of Indonesia to India (November 29 - December 01, 2022)

# ઈન્ડોનેશિયાનાં રાજકીય, કાનૂની અને સુરક્ષા બાબતોનાં સંકલનકર્તા મંત્રી પ્રો. ડૉ. મોહમદ માહફુડ, એમ.ડી.ની ભારતની મુલાકાત (29 નવેમ્બર-01 ડીસેમ્બર, 2022)

29 નવેમ્બર, 2022

ભારતનાં રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોવાલનાં આમંત્રણ પર, ઈન્ડોનેશિયા ગણરાજ્યનાં રાજકીય, કાનૂની અને સુરક્ષા બાબતોનાં સંકલનકર્તા મંત્રી પ્રો. ડૉ. મોહમદ માહફુડ 29 નવેમ્બર-01 ડીસેમ્બર 2022 સુધી ભારતની અધિકૃત મુલાકાત લઈ રહ્યા છે. અગાઉ માર્ચ 2022 માં દ્વિતિય ભારત ઈન્ડોનેશિયા સુરક્ષા સંવાદ માટે રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર અજિત ડોવાલે ઈન્ડોનેશિયાની મુલાકાત લીધી હતી અને મંત્રી માહફુડને ભારતની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું હતું.

મંત્રી માહફુડ સાથે રાજકીય, કાનૂની અને સુરક્ષા બાબતોનાં સંકલનકર્તા મંત્રાલયનાં અધિકારીઓ અને ધાર્મિક બાબતો પર નજર રાખવા માટે નિમાણૂક કરવામાં આવેલ ધાર્મિક બાબતોનાં મંત્રાલયનાં અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ સાથે આવ્યું છે. આ મુલાકાત દરમિયાન ઈન્ડિયા ઈસ્લામિક કલ્ચરલ સેન્ટર દ્વારા આયોજીત "ભારત અને ઈન્ડોનેશિયામાં આંતરશ્રધ્ધા શાંતિ અને સામાજીક સુલેહની સંસ્કૃતિનું પોષણ કરવામાં ઉલેમાની ભૂમિકા" શિર્ષકનાં સેમિનારમાં અગ્રણી ભારતીય ઉલેમાઓની સહભાગીતા સાથે ઈન્ડોનેશિયાનાં ઉલેમાઓએ ભાગ લીધો હતો. રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર અને મંત્રી માહફુડે મુખ્ય અતિથિઓ તરીકે આ સેમિનારમાં હાજરી આપી હતી. ઈન્ડોનેશિયાનું પ્રતિનિધિ મંડળ ભારતનાં વિભિન્ન સંપ્રદાયોનાં આગેવાનોને પણ મળ્યું હતું.

મંત્રી માહફુડ અને અગ્રણી ઈન્ડોનેશિયાનાં ઉલેમા ભારતનાં વડાપ્રધાનને મળ્યા હતા. તેઓએ ભારતનાં રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર અને વિદેશ મંત્રી સાથે પણ મીટિંગો કરી હતી. ઈન્ડોનેશિયાનું પ્રતિનિધિ મંડળ 30 નવેમ્બર 2022 નાં રોજ આગ્રાની મુલાકાત લેશે.

**નવી દિલ્હી**
**29 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.